CC/59805/2018

# આંક ૧ લગત હુકમ

સદર કામે રેકર્ડ જોતા કેસ અત્યંત જુનો છે. કેસ ચાર્જશીટના આધારે પોલીસ ધ્વારા માંડવામા આવેલ સમન્સ ટ્રાયેબલ કેસ છે, આરોપી ઘણા લાંબા સમયથી હાજર રહેલ નથી. આરોપીને અવારનવાર પ્રોસેસ કાઢવા છતા બજે કે વગર બજે પરત આવેલ નથી. ફરીયાદપક્ષને બજવણી કરવા પુરતી તક આપેલ છતા ફરીયાદપક્ષ બજવણી કરવામા નિષ્ફળ ગયેલ છે. વધુમા પી.રામચંદ્ર વિ.કર્ણાટક રાજય –૨૦૦૨(૨) જી.એલ.આર. પાના નં.–૧૫૪૯ તેમજ નામદાર હાઈકોર્ટના પત્ર નં.૨૯૧૭/૨૦૦૬ તા.૧૭/૧૦/૨૦૦૬ માં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા નીચલી અદાલતને એવી સુચના આપવામા આવેલ છે કે, આરોઓને અદાલત સમક્ષ હાજર રખાવવા બાબતે અદાલતો પોલીસ તંત્રને મર્યાદિત તકો આપી યોગ્ય કિસ્સાઓમા સી.આર.પી.સી.કલમ–૨૫૮ અન્વયે મળેલ સતાઓનો ઉપયોગ કરે.

જેથી આથી વધુ તક આપવી ન્યાયી અને વ્યાજબી જણાતુ ન હોઈ આરોપી સામેની ન્યાયિક કાર્યવાહી ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૮ અન્વયે પડતી મુકવાનો અને તે રીતે કેસ ફાઈલેથી દુર કરવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજરોજ તા.૧૩ જુલાઈ ૨૦૧૯ ના રોજ જાહેર કર્યો.

તા.૧૩/૦૭/૨૦૧૯
સુરત.

(કુશાન એમ.વ્યાસ)
જજ કોડ જીજે૦૧૨૦૧
ત્રીજા એડી.સી.જજ તથા
જેએમએફસી,સુરત.